ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર

૯ | રવિવાર ૧૫ નવેમ્બર, ૨૦૨૫ | આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | વીરપુર | સંતરામપુર

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લામાં વેપાર, આસ્થા અને દાન-પુણ્યનો ત્રિવેણી સંગમ

ચરોતર પંથકમાં લાભ પાંચમના શુભ મુહૂર્તમાં વેપારીઓએ ધંધા-રોજગારના શ્રીગણેશ કર્યા

ચાર દિવસના મીની વેકેશન બાદ બજારો ફરી ધમધમી ઊઠ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

ચરોતર પંથકમાં અંધકાર પર ઉજાસના વિજયના પર્વ દિવાળીની શ્રેણીમાં વાઘબારસથી ભાઈબીજ સુધીના તહેવારોની શ્રદ્ધા, ભક્તિ અને ઉમંગભેર ઉજવણી કર્યા બાદ શનિવારે લાભ પાંચમના પર્વે નવા વર્ષના ધંધા-રોજગારનો વિધિવત પ્રારંભ થયો હતો. આણંદ, ખેડા અને મહીસાગર જિલ્લાના વેપારીઓ, ધંધાર્થીઓ અને વ્યવસાયિકોએ શુભ મુહૂર્તમાં દુકાનો, પેઢીઓ તથા સંસ્થાઓ ખોલીને નવા વર્ષના વેપાર-ધંધાના શ્રીગણેશ કર્યા હતા.


હિન્દુ સંસ્કૃતિમાં લાભ પાંચમને વેપાર-ધંધાની શરૂઆત માટે વિશેષ શુભ માનવામાં આવે છે. આ પરંપરા અને ધાર્મિક માન્યતાને અનુસરીને ૧૦ નવેમ્બરના રોજ બેસતા વર્ષના દિવસે વેપારીઓએ શુભ મુહૂર્તમાં દુકાનો અને પેઢીઓ ખોલી ઈષ્ટદેવનું પૂજન-અર્ચન કર્યું હતું. જોકે, પૂજા બાદ મોટાભાગના વેપારીઓએ દુકાનો બંધ રાખતાં બજારોમાં સતત ચાર દિવસ સુધી રજાનો માહોલ જોવા મળ્યો હતો.



મીની વેકેશન સમાન ચાર દિવસ બાદ શનિવારે ૧૪ નવેમ્બરના રોજ લાભ પાંચમના પર્વે વેપારીઓએ વહેલી સવારથી જ દુકાનો, પેઢીઓ અને વ્યવસાયિક સંસ્થાઓ ખોલી હતી. વેપારીઓએ ફૂલ, અક્ષત, કંકુ, ધૂપ-દીપ અને અગરબત્તીથી ઈષ્ટદેવ તેમજ ભૌતિક સમૃદ્ધિનાં અધિષ્ઠાત્રી દેવી લક્ષ્મીજી અને કુબેરજીનું પૂજન-અર્ચન કરી નવા વર્ષના વેપારનો પ્રારંભ કર્યો હતો. શુભ ચોઘડિયામાં ધંધા-રોજગારની શરૂઆત કરી સમગ્ર વર્ષ દરમિયાન વેપારમાં વૃદ્ધિ, સમૃદ્ધિ અને સુખાકારી જળવાઈ રહે તેવી પ્રાર્થના કરી હતી. ચાર દિવસના વિરામ બાદ બજારોમાં ફરી ખરીદી અને વેપારી પ્રવૃત્તિઓનો ધમધમાટ જોવા મળ્યો હતો.

લાભ પાંચમના વિશેષ ધાર્મિક પર્વને લઈને વિવિધ મંદિરોમાં પણ સવારથી ભાવિકોની અવરજવર વધી હતી. શ્રદ્ધાળુઓએ દેવદર્શન કરી પૂજન-અર્ચન સાથે પરિવારની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આ ઉપરાંત ભિક્ષુકો, અનાથો અને જરૂરિયાતમંદોને અન્નદાન, વસ્ત્રદાન તથા રોકડ રકમનું દાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

નડિયાદનુ યોગી ફાર્મ ૧૫ હજાર દીવડાઓથી ઝળહળ્યું



નડિયાદ સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના યોગી ફાર્મ ખાતે દિવાળીના પાવન પર્વે ૧૫ હજારથી વધુ દીવડાઓ પ્રજ્વલિત કરી સમગ્ર પરિસરને દિવ્ય રોશનીથી રોશન કરવામાં આવ્યું હતું. આ દીવડાઓની વિશેષ ગોઠવણીથી મંદિરની આકૃતિ અને "ચાલો સત્સંગનું વાતાવરણ જમાવીએ" નો આકર્ષક સંદેશ કંડારાયો હતો તથા ભવ્ય ચોપડા પૂજન યોજાયું હતું. આ દિવ્ય અને ભક્તિમય ઉત્સવમાં ૪,૦૦૦થી વધુ હરિભક્તોએ ઉપસ્થિત રહી ઉજવણીનો લાભ લીધો હતો. કોઠારી સ્વામી તથા અક્ષર નયન સ્વામીના આયોજન અને શાંત પુરુષ સ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યકરોની સેવા ભાવનાથી ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. **- તસવીર : જશવંતસિંહ રાઠોડ**

ઉમરેઠમાં પથ્થર સાથે બાઈક અથડાતાં યુવકે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૪

ઉમરેઠ તાલુકામાં આવેલા પરવટા ગામ નજીક રોડ પર ડાયવર્ઝન આપવા માટે મૂકવામાં આવેલા પથ્થર (બ્લોક) સાથે સ્પ્લેન્ડર બાઈક ધડાકાભેર અથડાતાં ૨૮ વર્ષીય યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. ખેડા જિલ્લાના મહોળેલ ગામના કલ્પેશ રાઠોડ નામના યુવકના અચાનક અવસાનથી બે માસૂમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

નડિયાદ તાલુકાના મહોળેલ ગામે મોર્ડન તલાવડી વિસ્તારમાં રહેતા ખેડૂત ચંદુભાઈ કાન્તિભાઈ રાઠોડનો ૨૮ વર્ષીય પુત્ર કલ્પેશભાઈ ગત ૧૧મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ પોતાની હિરો સ્પ્લેન્ડર પ્લસ બાઈક લઈને ઠાસરા ખાતે સંબંધીના ઘરે ગયો હતો. રાત્રિના આશરે ૯ વાગ્યા સુધી કલ્પેશ ઘરે ન પહોંચતાં ચિંતિત પિતાએ તેના મોબાઈલ પર ફોન કર્યો હતો. સામે છેડેથી અજાણ્યા વ્યક્તિએ પરવટા ગામ નજીક ડાયવર્ઝન પાસે કલ્પેશનો અકસ્માત થયો હોવાની જાણ કરી હતી.

માહિતી મળતાં જ પિતા ચંદુભાઈ ગ્રામજનો સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા, જ્યાં કલ્પેશ રોડ પર લોહીલુહાણ હાલતમાં પડેલો હતો અને ૧૦૮ના તબીબે તેને સ્થળ પર જ મૃત જાહેર કર્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ઉમરેઠ તરફથી પૂરઝડપે આવી રહેલી બાઈક પરવટા નજીક ડાયવર્ઝન માટે મૂકેલા પથ્થર સાથે અથડાતાં આ જીવલેણ અકસ્માત સર્જાયો હતો. મૃતક કલ્પેશ પોતાના પિતાનો એકમાત્ર પુત્ર હતો અને તેને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે. આ બનાવ અંગે ચંદુભાઈ રાઠોડની ફરિયાદના આધારે ઉમરેઠ પોલીસે ગુનો નોંધ્યો હતો.

અગાઉ ૫૦૦-૧૦૦ રૂપિયાના દર્શનનો વિવાદ અને હવે વીઆઈપી માટે ઓટલો આંચકી લીધો

ડાકોર મંદિરમાં વીઆઈપી માટે ૨૦ લાખના ખર્ચે સુવિધાઓ ઉભી કરાશે !

વીઆઈપી બેઠક અને ટોયલેટ બનાવવાનો ખેલ સામે પૂર્વ સભ્ય વિપુલ પટેલે વિરોધ કર્યો



(પ્રતિનિધિ) ડાકોર તા.૧૪

ડાકોરમાં રણછોડરાયજી મંદિર ખાતે જ્યારથી નવું મેનેજમેન્ટ ચૂંટાઈને આવ્યું છે, ત્યારથી વહીવટદારો દ્વારા એક પછી એક વિવાદાસ્પદ નિર્ણયો અને નવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે. અગાઉ ઠાકોરજીના દર્શન માટે ૫૦૦ અને ૧૦૦ રૂપિયાની સ્કીમ લાવીને વિવાદ સર્જનાર આ મેનેજમેન્ટ હવે સામાન્ય ભક્તોના હિતોને નેવે મૂકીને વીઆઈપી પ્રથાને જ પ્રોત્સાહન આપી રહ્યું હોવાનો ગંભીર આક્ષેપ ઊઠ્યો છે. મંદિરમાં દર્શન માટે આવતા લાખો ભક્તો બહાર ટાઢ, તડકો અને વરસાદ સહન કરીને લાઈનમાં ઊભા રહે છે, ત્યારે વહીવટદારો ૨૦ લાખ રૂપિયાથી પણ વધુના ખર્ચે વીઆઈપી માણસોની આગતા-સ્વાગતા અને ખાસ બેઠક વ્યવસ્થા કરવામાં મશગૂલ બન્યા છે.

ડાકોરમાં મંદિરના પ્રવેશદ્વારની જમણી બાજુ આવેલા જે ઓટલા પર અગાઉ ધાર્મિક પાઠ-પૂજા થતી હતી અને ત્યારબાદ ૫૦ થી ૧૦૦ શ્રદ્ધાળુઓ બેસી શકે તેવી વ્યવસ્થા હતી, તે જગ્યા પર હવે વીઆઈપી સુવિધાઓ ઊભી કરાઈ રહી છે. આ ઓટલા પર વૃદ્ધ શ્રદ્ધાળુઓ પંખા નીચે આરામ કરી શકતા હતા, મહિલાઓ પોતાના બાળકને સ્તનપાન કરાવી શકતી હતી અને નાના બાળકો રમીને સમય પસાર કરી શકતા હતા. મનસ્વી વર્તન ધરાવતા મેનેજમેન્ટ દ્વારા સામાન્ય ભક્તોની આ સુવિધા છીનવીને વીઆઈપી લોકો માટે બેઠક વ્યવસ્થા, સ્વાગત સ્થળ તેમજ અલગ ટોયલેટ-બાથરૂમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

ડાકોર મંદિર મેનેજમેન્ટ દ્વારા ચલાવાતી આ 'દિવાળી માત્ર વીઆઈપીની' નીતિ સામે ડાકોર નગરપાલિકાના પૂર્વ સભ્ય અને જાગૃત નાગરિક વિપુલ પટેલે મોરચો માંડ્યો છે. અનુભવી અને સતત ચૂંટાયેલા પૂર્વ સભ્ય વિપુલ પટેલે એક જાગૃત નાગરિક તરીકે પોતાની ફરજ નિભાવીને મંદિર વહીવટદારો સામે આ વીઆઈપી વ્યવસ્થાની વિરુદ્ધમાં કડક શબ્દોમાં લેખિત અરજી અને ફરિયાદ નોંધાવી છે.

લુણાવાડા પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

(પ્રતિનિધિ) વીરપુર તા.૧૪

લુણાવાડા તાલુકાના માળના મુવાડા પીકઅપ સ્ટેન્ડ નજીક લુણાવાડા-લાલસર હાઈવે પર મોટરસાયકલ સ્લીપ થઈને રોડ સાઈડના બસ સ્ટેશન સાથે અથડાતાં ૨૭ વર્ષીય યુવક પ્રતિકકુમાર બારીઆનું માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે કરૂણ મોત નીપજ્યું છે.

લુણાવાડા તાલુકાના કડાછલા ગામે બારીઆ ફળિયામાં રહેતા ૨૭ વર્ષીય યુવક પ્રતિકકુમાર સુરેશભાઈ બારીઆ પોતાની મોટરસાયકલ (નં. GJ-17-AC-0239) લઈને સાલાવાડા ગામે રહેતા તેમના માસી રેવાબેન પગીના ઘરે ગયા હતા. રાત્રિના આશરે આઠેક વાગ્યાના સુમારે માસીના ઘરેથી પરત ફરી રહ્યા હતા ત્યારે માળના મુવાડા પીકઅપ સ્ટેન્ડ પાસે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા બાઈક સ્લીપ થઈને બસ સ્ટેશન સાથે જોરદાર અથડાયું હતું.

આ અકસ્માતમાં પ્રતિકકુમારને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ એક રાહદારીએ યુવકના મોબાઈલ ફોન પરથી તેના પિતાને અકસ્માત અંગે જાણ કરી હતી. માહિતી મળતાં જ મૃતકના મોટા ભાઈ ગૌરાંગકુમાર બારીઆ અને પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં પડેલા પ્રતિકકુમારને લુણાવાડાની કોટેજ હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. યુવાન દીકરાના અકાળે અવસાનથી કડાછલા ગામના બારીઆ પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે કોઠંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ઠાસરા પંથકમાં લાભ પાંચમે તસ્કરોએ ખાતમુર્હૂત કર્યું

કાલસરમાં આર્મી જવાનના ઘર સહિત ૩ સ્થળે તસ્કરો ત્રાટક્યાં

શ્રીનગરમાં દેશની રક્ષા કરતા જવાનના મકાનમાંથી ૮૦ હજાર રોકડા અને ચાંદીની ચોરી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

ઠાસરા તાલુકાના કાલસર ગામમાં લાભ પાંચમની રાત્રે તસ્કરોએ તરખાટ મચાવી એકસાથે ૩ સ્થળોએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. શ્રીનગરમાં ફરજ બજાવતા આર્મી જવાનના બંધ ઘર, ગ્રામ પંચાયત કચેરી અને અન્ય એક રહેણાંક મકાનના તાળા તોડી તસ્કરો લાખોની મતા ચોરી ફરાર થઈ ગયા છે. એક જ રાતમાં બનેલી આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો છે.

ઠાસરાના કાલસર ગામના અને હાલ શ્રીનગરમાં ભારતીય સેનામાં દેશની રક્ષા કરતા ફિરોઝ મિયાં મલેકના બંધ મકાનને તસ્કરોએ મુખ્ય નિશાન બનાવ્યું હતું. તસ્કરો ઘરમાંથી ૮૦,૦૦૦ રોકડા અને ૨૫૦ ગ્રામ ચાંદીની પાયલ ચોરી ગયા હતા. સરહદ પર તૈનાત જવાનનું ઘર જ સુરક્ષિત ન રહેતાં ગ્રામજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. તસ્કરોએ ગામની ગ્રામ પંચાયત કચેરીમાં પ્રવેશી સરકારી તિજોરી તોડી અંદરનો તમામ સામાન વેરવિખેર કરી નાખ્યો હતો.

આ ઉપરાંત તસ્કરોએ ગામના રહીશ સલીમ વોહરાના બંધ મકાનના પણ તાળા તોડી ચોરીને અંજામ આપ્યો હતો. એક જ રાતમાં ૩ જગ્યાએ તાળા તૂટતા પોલીસના નાઈટ પેટ્રોલિંગના દાવાઓની પોલ ખુલી ગઈ છે. ભયભીત બનેલા ગ્રામજનોએ રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ તાત્કાલિક વધારવાની અને ચોરી કરનાર તસ્કરોને સત્વરે ઝડપી કડક કાર્યવાહીની માંગ કરી છે.

નડિયાદમાં નજીવી બાબતે ચાર મિત્ર પર હુમલો કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૪

નડિયાદના વાણિયાવાડ સર્કલ પાસે આવેલી એસબીઆઈ બેન્કના એટીએમ નજીક રાત્રિના સમયે નજીવી બાબતે થયેલી તકરાર બાદ કેટલાક શખ્સોએ ભેગા મળીને ચાર મિત્રો પર હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકોને માર મારી ગળામાંથી સોનાની ચેઈનની લૂંટ ચલાવી હોવાની ઘટના સામે આવી છે.

નડિયાદ શહેરના વાણિયાવાડ સર્કલ પાસે ૧૧મી નવેમ્બરની રાત્રે મનન રાજપૂત તેના મિત્ર સ્મિત પટેલ સાથે ઉભો હતો, ત્યારે સ્કૂટર પર આવેલા એક અજાણ્યા શખ્સે તું મારી સામે કેમ જુએ છે? તેમ કહી બોલાચાલી કરી હતી. જોકે, યુવકો ત્યાંથી વાણિયાવાડ સર્કલ પાસે આવેલા એસબીઆઈ એટીએમ નજીક પોતાના અન્ય મિત્રો (ચિરાગ ધગટ, દેવ રાવ અને તીર્થપદ વરસાણી) પાસે પહોંચ્યા ત્યારે તે શખ્સ પીછો કરતો ત્યાં આવી પહોંચ્યો હતો અને ઝઘડો કરવા લાગ્યો હતો.

આ ઉપરાંત હુમલાખોરે ફોન કરીને સાગરીતોને બોલાવી લીધા હતા. તેઓએ ભેગા મળી મનન રાજપૂત અને તેના મિત્રોને માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ હુમલામાં તીર્થપદને માથામાં કોઈ વસ્તુ મારી ઈજા પહોંચાડવામાં આવી હતી, જ્યારે દેવ રાવ અને ચિરાગને પણ બરડા તેમજ કાનના ભાગે મૂઢમાર વાગ્યો હતો. આ મારામારી દરમિયાન તીર્થપદના ગળામાંથી સોનાની ચેઈન હુમલાખોરો લૂંટીને ફરાર થઈ ગયા હતા.

આ મારામારીના પગલે આસપાસના લોકો એકઠા થઈ જતાં હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. આ અંગે નડિયાદ ટાઉન પોલીસે સફેદ સ્કૂટર ચાલક અને તેના અન્ય સાગરીતો વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

ખેડામાં આગમાં ઘર ખાખ થતાં શ્રમજીવી પરિવાર બેઘર બન્યો

ખેડા-માતર રોડ પર ઝૂંપડીમાં ફાટી નીકળેલી આગમાં સંપૂર્ણ ઘરવખરી બળી



(પ્રતિનિધિ) ખેડા તા.૧૪

ખેડા શહેરના માતર રોડ પર શેઢી નદીની બાજુમાં સ્મશાન તરફ જવાના રસ્તે નૂતન વર્ષના દિવસે એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના ઘટી હતી. અહીં રહેતા એક શ્રમજીવી પરિવારની ઝૂંપડીમાં બપોરના સમયે અચાનક આગ ફાટી નીકળી હતી. દિપાવલીના ધડાકામાં ફાટી નીકળેલી આગની જ્વાળાઓમાં ઘર અને સંપૂર્ણ ઘરવખરી ભસ્મીભૂત થઈ જતાં શ્રમજીવી પરિવાર નૂતન વર્ષના પ્રથમ દિવસે જ બેઘર બન્યો છે અને ભારે આઘાતમાં સરી પડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ખેડા-માતર રોડ પર શેઢી નદી પાસે સ્મશાન તરફ જવાના રસ્તે રહેતા શ્રમજીવી પરિવારના મોભી કરશનભાઈની ઝૂંપડીમાં બપોરના સમયે અચાનક વિકરાળ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ઝૂંપડી તેમજ આખી ઘરવખરી આગમાં બુઝાઈને નાશ પામતાં કરશનભાઈના પરિવાર માથે આભ તૂટી પડ્યું હતું. આગ લાગવાની ઘટના અંગે જાણ થતાં જ ખેડા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. જોકે આગ એટલી ભયાનક હતી કે ફાયર બ્રિગેડ આવે તે પહેલાં જ મોટાભાગનો સામાન બળીને ભસ્મિભૂત થઈ ચૂક્યો હતો. સદનસીબે આ હોનારતમાં પરિવારના કોઈ પણ સભ્યને જાનહાનિ થઈ નથી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૬ +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેકસ : ૨૫૬૬૬૬૦

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ.
9377672958/
(9374726017 (3568

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક.
9737166947,
(8758533196 (10612

,વુલન સ્વેટર
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક,
(ડબગરવાડ, સુરત (201

PRESIDENT PEST CONTROL
વર્ષથી ચાલતું 35 એવોર્ડથી સન્માનિત લાયસન્સ
(9825819250 (3569

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ (ભાઠેના (12503

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથિયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેકટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. (9328436184 (12970

ઓમ શિવ ટ્રાવેલ્સ
નવેમ્બર (ઉદેપુર 18 17 જયપુર ખાટુશ્યામ શ્રીનાથજી માઉન્ટઆબુ) (ગોકુળ મથુરા વૃંદાવન) (સફેદરણ કચ્છ માતાનો મઠ માંડવી કોટેશ્વર અંજાર) (દ્વારકા સોમનાથ દ્વીવ વિરપુર) (જોધપુર જેસલમેર જુનારણુજા માઉન્ટઆબુ) (ધૃષ્ણેશ્વર ભીમાશંકર ત્રંબકેશ્વર) 20 નવેમ્બર (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) (નાસિક શીર્ડી સપ્તશ્રુંગી) ખરવરશેરી ભાંગળ સુરત 9537838949, (9327199997 (12969

.આશાપુરી 23/11
પૂનમ, ડાકોર, અંબાજી, સુન્ધામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગ્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. (9426741783 (12965

ભાડે આપવાનો છે
બેડરૂમ સેમી ફર્નિસ્ડ 2 ફ્લેટ તારવાડી સિગ્નલ પાસે દલાલ માફ. ફોન- ૯૮૪૫૫૧૬૬૩૩. ((12936

કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી- ટુ-મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો. ફૂટ ઓફિસ નં 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્ક: (9726009242 (11502

વેચવાનો છે
વારનો બંગલા 310 માટેનો પ્લોટ સારી સોસાયટીમાં સોમેશ્વર સોસાયટી વેસુ પાસે મોબાઈલ - (9898076797 (12966

વેચવાનો છે
વારનો પ્લોટ 5000 ફી ઝોનમાં વેલુકગામ પછી જહાંગીરપુરા દાંડીરોડ પર મોબાઈલ (9898076797 (12967

વેચવાનો છે
વારનો પ્લોટ 600 બાપુજીની વાડી સુલતાનાબાદ ડુમ્મસરોડ મોબાઈલ (9898076797 (12968

માપ લેવા માટે માસ્ટર
જોઈએ છે સુટ, શર્ટ, પેન્ટ, શેરવાની, કુર્તા પાયજામા માટે જેન્ટસ માસ્ટર જોઈએ છે. ઈરફાન ટેક્ષટાઈલ (મોતીવાલા) શોરૂમ સંપર્ક- 9825139287 સમય- સવારે 11 થી (રાત્રે- 10 (12963

દુકાન ના કામ માટે
માણશ ની જરૂર છે. નેવટીવાલા ટાવર પાસે પોલીસ ચોકીની (બાજુમાં સુરત (12964

Coco BP Navipardi
કંપની સંચાલિત પેટ્રોલપંપ પર કામ માટે સ્ટાફ જોઈએ છે (છોકરા/ છોકરી). Coco BP Navipardi પેટ્રોલપંપ કામરેજ સુગરની સામે નવીપારડી કામરેજ સુરત આકર્ષક પગાર. 9104538350,
(9979040002 (12962

જોઈએ છે
ટર્નર ફીટર, ટ્રીલમેન, હેલ્પર સચીન એરિયા માટે ફોનઃ (9925144406 (12937

રસોઈયા જોઈએ છે
અલ્થાણ, ચાઈના ગેટ નં ૨ પાસે આવેલ આશીર્વાદ રેસિડેન્સીમાં દરરોજ બે ટાઈમ રસોઈ બનાવવા માટે રસોઈયાની જરૂર છે. સંપર્કઃ વીણાબેન મોઃ (9898503100 (409

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

.અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં